સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

કુલસચિવ કાર્યાલય,

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૫

ફોન નં.(૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૨૦૬, ઈ-મેઈલ : registrar@sauuni.ac.in

નં.પીએઆર/૨૬૧૩૧૦૭/૨૦૨૬ તા.૩૧/૦૭/૨૦૨૬

વિષય: ભારે વરસાદની આગાહી (રેડ એલર્ટ)ના કારણે તા.૦૧/૦૮/૨૦૨૬ના રોજ શૈક્ષણિક કાર્ય બંધ રાખવા બાબત.

પરિપત્ર / અગત્યની સૂચના:

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનો/સેન્ટર્સ/ચેર્સના અધ્યક્ષશ્રીઓ તથા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/સંચાલકશ્રીઓને જણાવવામાં આવે છે કે, હવામાન વિભાગ દ્વારા આગામી સમયમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી અંતર્ગત **'રેડ એલર્ટ'** જાહેર કરવામાં આવ્યું છે. ચોમાસાની આ ગંભીર પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓની સલામતી અને સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા, માનનીય કલેક્ટરશ્રીની સૂચનાનુસાર આવતીકાલે તા.૦૧/૦૮/૨૦૨૬, શનિવારના રોજ યુનિવર્સિટી સંલગ્ન તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તા.૦૧/૦૮/૨૦૨૬, શનિવારના રોજ લેવાનાર પરીક્ષાઓ હાલ મુલતવી રાખવામાં આવેલ છે. પરીક્ષાની નવી તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનો/સેન્ટર્સ/ચેર્સના અધ્યક્ષશ્રીઓ તથા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ/સંચાલકશ્રીઓને આ અંગેની માહિતી વિદ્યાર્થીઓ અને વાલીઓ સુધી WhatsApp, SMS કે અન્ય માધ્યમો દ્વારા તાત્કાલિક પહોંચાડવાની રહેશે.

કુલસચિવ

નકલ રવાના જાણ અર્થે:

માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જરૂરી કાર્યવાહી અર્થે:

૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનો/સેન્ટર્સ/ચેર્સના અધ્યક્ષશ્રીઓ

૨. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/સંચાલકશ્રીઓ